# ત્રણ હનનિયા
# ફાધર વર્ગીસ પૉલ

બાઇબલના 'નવો કરાર'માં હનનિયા નામનાં ત્રણ પાત્રો છે. પ્રથમ હનનિયા જૂઠું બોલનાર લોભી ખ્રિસ્તી છે. બીજો હનનિયા દમસ્કસ ખાતેનો ખ્રિસ્તી અનુયાયી છે અને ત્રીજો હનનિયા યહૂદીઓના વડો પુરોહિત છે.

**૧. હનનિયા - જૂઠ્ઠો શિષ્ય**

હનનિયા નામના આ જૂઠા શિષ્યને તથા તેની પત્ની સફીરાને સાંકળતી ઘટનાની વાત 'પ્રેષિતોનાં ચરિતો'ના ૫માં અધ્યાયમાં વર્ણવવામાં આવી છે.

"પણ હનનિયા નામે બીજો એક માણસ હતો, તેણે તેની પત્ની સફીરાની સંમતિ લઇને અમુક મિલકત વેચી નાખી; અને તેની જે કિંમત ઊપજી તેમાંથી થોડો ભાગ પોતાની પત્નીને જણાવીને રાખી મૂક્યો અને બાકીનો લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધો. પણ પીતરે તેને કહ્યું, "હનનિયા, તારામાં એવો તે કેવો સેતાન ભરાયો કે તું પવિત્ર આત્માની આગળ જૂઠું બોલ્યો અને જમીનની કિંમતનો થોડો ભાગ તેં રાખી લીધો? એ હતી ત્યારે તારી જ નહોતી? અને વેચ્યા પછી પણ શું કરવું એ તારા હાથની વાત નહોતી ? તને આવું કરવાનું કેમ સૂઝ્યું ? તું માણસો આગળ નહિ પણ ઈશ્વર આગળ જૂઠું બોલ્યો છે.

"આ શબ્દો સાંભળતાં જ હનનિયા જમીન પર પટકાઇ પડ્યો અને તેના પ્રાણ ઊડી ગયા. અને જેણે જેણે આ સાંભળ્યું તે સૌ ભયભીત થઇ ગયા. જુવાનિયાઓએ આવી તેના શબને વીંટી બહાર લઇ જઇને દાટી દીધું.

"ત્રણેક કલાક વીતી ગયા પછી તેની પત્ની અંદર આવી. શું બની ગયું છે તેની એને ખબર જ નહોતી. પીતરે પૂછ્યું, 'બોલ, તમે જમીન આટલામાં વેચી હતી ?'

"'હા, એટલામાં વેચી હતી,' તે બોલી.

"ત્યારે પીતરે કહ્યું, 'તમે બંને પ્રભુના આત્માની આવી કસોટી કરવા કેમ એક થયાં? સાંભળ, તારા ધણીને દફનાવનારાઓનાં પગલાં બારણે સંભળાય છે, અને તેઓ તને પણ લઇ જશે.'

"તે જ ક્ષણે તે પીતરના પગ આગળ પટકાઇ પડી, અને તેના પ્રાણ ઊડી ગયા. જ્યારે જુવાનિયાઓ અંદર આવ્યા, ત્યારે તેમણે તેને મરેલી જોઇ અને તેઓએ તેને લઇ જઇને તેના ધણી પાસે દાટી દીધી" (પ્રેષિતોનાં ચરિતો ૫, ૧-૧૦)

.

**૨. હનનિયા - ખ્રિસ્તી શિષ્ય**

દમસ્કસ ખાતેના ખ્રિસ્તી શિષ્ય હનનિયાની સમગ્ર વિગત આપણને 'પ્રેષિતોનાં ચરિતો'ના ૯મા અને ૨૨મા અધ્યાયમાં વાંચવા મળે છે. તેણે દમસ્કસ ખાતે સાઉલને આવકારવામાં તેમજ તેમને બાપ્તિસ્મા આપવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી.

"હવે, દમસ્કમાં હનનિયા નામે એક શિષ્ય રહેતો હતો. પ્રભુએ તેને દર્શન દઇને કહ્યું, 'હનનિયા!' તે બોલ્યો, 'હાજર છું, પ્રભુ.'

"પછી પ્રભુએ તેને કહ્યું, 'તું ઊભો ઊભો 'સીધી' નામની ગલીમાં જા અને યહૂદાને ઘેર તાર્સસના શાઉલ નામના માણસની તપાસ કર. તે અત્યારે પ્રાર્થના કરી રહ્યો છે અને તેને એક દિવ્યદર્શન લાધ્યું છે. તેમાં તેણે હનનિયા નામના માણસને આવીને પોતાને દેખતો કરવા પોતા ઉપર હાથ મૂકતો જોયો છે.'

"હનનિયાએ કહ્યું, 'પ્રભુ, એ માણસે યરુશાલેમમાં તમારા ભક્તો ઉપર જે જે સિતમ ગુજાર્યા છે તે વિશે મેં ઘણા માણસો પાસે સાંભળ્યું છે. અને અહીં પણ જે કોઇ તમારું નામ લે તે સૌને બંધનમાં નાખવાની એણે મુખ્ય પુરોહિતો પાસે સત્તા મેળવી છે.'

"પણ પ્રભુએ તેને કહ્યું, 'તું તારે જા. કારણ, વિધર્મી લોકો અને તેમના રાજાઓ આગળ તેમ જ ઇસાયલની પ્રજા આગળ મારું નામ પ્રગટ કરવા મેં એને મારા સાધન તરીકે પસંદ કરેલો છે. હું પોતે એને બતાવીશ કે મારા નામ ખાતર એણે કેટકેટલું ભોગવવાનું છે.'

"આથી હનનિયા ગયો અને ઘરમાં જઇને શાઉલ ઉપર પોતાના હાથ મૂકીને બોલ્યો, 'શાઉલ, મારા ભાઇ, પ્રભુએ - અહીં આવતાં રસ્તામાં તને જેમણે દર્શન દીધાં હતાં તે ઈસુએ - તું ફરી દેખતો થાય અને તારામાં પવિત્ર આત્માનો વાસ થાય એ માટે મને મોકલ્યો છે.'

"અને તે જ ક્ષણે શાઉલની આંખો ઉપરથી જાણે પડળ ખૂલી ગયાં અને તે દેખતો થઇ ગયો. પછી તેને સ્નાનસંસ્કાર કરાવવામાં આવ્યો. ત્યાર પછી તેણે ખોરાક લીધો એટલે તેને શક્તિ આવી"(પ્રેષિતોનાં ચરિતો ૯, ૧૦-૧૯).

તે અનુભવ પછી, યરુશાલેમ ખાતે પાઉલની સુનાવણી વખતે પાઉલ સંવેદનાપૂર્વક અને કૃતજ્ઞતાપૂર્વક હનનિયાનો ઋણસ્વીકાર કરે છે.

"ત્યાં હનનિયા નામનો શાસ્ત્રપરાયણ ધર્મિષ્ઠ માણસ, જેની ત્યાંના યહૂદીઓમાં સારી ખ્યાતિ હતી, તે આવી મારી પાસે ઊભો રહીને બોલ્યો, 'ભાઇ શાઉલ, ફરી દેખતો થા.' તે જ ક્ષણે મને તે દેખાવા લાગ્યો. તેણે વધુમાં કહ્યું, 'આપણા પૂર્વજોના પરમેશ્વરે તને નક્કી કર્યો છે, જેથી તું એની પોતાની યોજના જાણી શકે, એણે મોકલેલ ધર્મપુરુષનાં દર્શન કરી શકે અને તેમના મુખની વાણી સાંભળી શકે, કારણ, તારે બધા માણસો સમક્ષ એમના સાક્ષી થવાનું છે, તેં જે જોયું છે અને સાંભળ્યું

છે એ વિશે તારે સાક્ષી પૂરવાની છે. અને હવે વિલંબ શા માટે કરે છે? ઊઠ, અને ઈસુનું નામ લઇને સ્નાનસંસ્કાર કરાવીને તારાં પાપો ધોઇ નાખ.'" (પ્રેષિતોનાં ચરિતો ૨૨, ૧૨-૧૬).

## ૩. હનનિયા - વડા પુરોહિત

વડા પુરોહિત કહેવાતા એક હનનિયાની વાત પણ આપણને 'પ્રેષિતોનાં ચરિતો'માં જ મળે છે. તે યરુશાલેમમાં વડા પુરોહિત અને યહૂદી વરિષ્ઠસભાના અધ્યક્ષ હતો
.

રોમના વડાના સૂચન અનુસાર પાઉલની સુનાવણી દરમિયાન વરિષ્ઠ સભાએ પાઉલ સામે આરોપ ઘડવા માંડ્યા. 'પ્રેષિતોના ચરિતો'માં આપણે વાંચીએ છીએ કે :

"વરિષ્ઠસભા તરફ સ્થિર નજરે જોઇને પાઉલે કહ્યું, 'ભાઇઓ, હું આજ સુધી ચોખ્ખા દિલે પરમેશ્વરની સાક્ષીએ મારું જીવન ગાળતો આવ્યો છું.' ત્યાં વડા પુરોહિત હનનિયાએ પાસે ઊભેલા માણસોને પાઉલના મોઢા ઉપર મારવાની આજ્ઞા કરી. ત્યારે પાઉલે તેને કહ્યું, 'ઓ પાખંડી! ઈશ્વર તને મારશે. તું કાયદેસર મારો ન્યાય ચૂકવવાને ત્યાં બેઠો છે અને છતાં કાયદા વિરુદ્ધ જઇને તું મને મારવાનો હુકમ કરે છે!'

"પાસે ઊભેલા માણસો બોલી ઊઠ્યા, 'ઈશ્વરના વડા પુરોહિતનું તું અપમાન કરે છે?' પાઉલે જવાબ દીધો, 'ભાઇઓ, એ વડા પુરોહિત છે એની મને ખબર નહોતી; શાસ્ત્રમાં એવું લખેલું છે કે, 'પ્રજાના શાસકની નિંદા કરવી નહિ'" (પ્રેષિતોનાં ચરિતો ૨૩, ૧-૫).

પછી રોમન સૂબા ફેલિક્સે વડા પુરોહિત હનનિયા અને અન્ય યહૂદી વડીલોને પાઉલ સામે પોતાની ફરિયાદ રજૂ કરવા માટે સીસેરિયા તેડાવ્યા.

"પાંચ દિવસ પછી વડો પુરોહિત હનનિયા કેટલાક આગેવાનો અને તેર્તુલ્લુસ નામે એક વકીલ સાથે આવી પહોંચ્યો. તેમણે રાજ્યપાલ આગળ પાઉલ સામેની પોતાની ફરિયાદ રજૂ કરી" (પ્રેષિતોનાં ચરિતો ૨૪, ૧).

જવાબમાં પાઉલે ફેલિક્સની સમક્ષ પોતાના બચાવ રજુ કયોર્, પણ તેણે નવા રાજ્યપાલ ફીસ્ટસે સત્તા સંભાળી ત્યાં સુધી તેને બે વર્ષ માટે કારાવાસમાં ધકેલી દીધો.

રોનાલ્ટ બાઉનરીગના પુસ્તક 'હુઝ હુ ન્યૂ ટેસ્ટામેન્ટ' અનુસાર હનનિયાને તેનાં કથિત રોમન - તરફી વલણોના બદલારૂપે વર્ષ ૬૯-૭૦માં જ્યારે ટાઇટસે શહેરને ઘેરો ઘાલ્યો ત્યારે યરુશાલેમમાં જ તેના કેટલાક દેશવાસીઓએ જ મોતને ઘાટ ઉતારી દીધો હતો.